# Joint Press Release of the 9th Round of India-China Military Commander-Level Meeting

January 25, 2021

## ભારત-ચીન મિલિટ્રી કમાન્ડર સ્તરની બેઠકનાં 9માં રાઉન્ડનું સંયુક્ત પ્રેસ રીલીઝ

જાન્યુઆરી 25, 2021

24 જાન્યુઆરીનાં રોજ, ચાઈનીઝ પક્ષનાં મોલ્ડો-ચુશુલ સીમા મીટિંગ પોઈન્ટ પર ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકનો 9મો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. બન્ને પક્ષોએ ભારત-ચીન સીમા ક્ષેત્રોનાં પશ્ચિમી સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખ પર સૈનિકો પાછા ખેંચી લેવા પર દ્રષ્ટિકોણોનું નિખાલસ અને ગહન આદાન-પ્રદાન કર્યું હતું.

બન્ને પક્ષો સંમત થયા હતા કે બેઠકનો આ રાઉન્ડ સકારાત્મક, વ્યવહારું અને રચનાત્મક રહ્યો હતો, જેણે પારસ્પરિક વિશ્વાસ અને સમજણમાં વધારો કર્યો હતો. બન્ને પક્ષો અગ્રવર્તી સૈનિકો વહેલાસર પાછા ખેંચી લેવા માટે દબાણ કરવા સંમત થયા હતા. સંયુક્ત રીતે ઘર્ષણ દૂર કરવામાં આગળ વધવા માટે તેઓનાં રાજ્યનાં વડાઓની અગત્યની સમજૂતિઓનું અનુસરણ કરવા, સંવાદ અને વાટાઘાટોમાં સારો વેગ જાળવી રાખવા, અને વહેલાસર તારીખ પર કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકનો 10મો રાઉન્ડ યોજવા માટે પણ તેઓ સંમત થયા હતા.

બન્ને પક્ષો અગ્રવર્તી સૈનિકો સંયમમાં રહે, ભારત-ચીન સીમાનાં પશ્ચિમી સેક્ટરમાં LAC પર પરિસ્થિતિ સ્થિર અને નિયંત્રણમાં રહે, અને સંયુક્ત રીતે શાંતિ અને સુમેળ જાળવવાનું સુનિશ્ચિત કરવા તેઓનાં અસરકારક પગલા લેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 25, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.